# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 05-01-2026** **Evening : 7.10 to 7.20 PM**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 11 તારીખે રાજકોટમાં વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદનું ઉદ્ઘાટન કરશે.

2) ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં 108 દર્દીનો રિપોર્ટ કરાતાં 50 દર્દી ટાઈફોઈડગ્રસ્ત – તપાસ માટે મહાનગરપાલિકાએ ટુકડી બનાવી.

3) પ્રધાનમંત્રીએ સોમનાથ મંદિરને ભારતીય સભ્યતાની આત્માનું જીવંત ઉદાહરણ ગણાવ્યું

4) રાજ્યમાં SIR હેઠળ યોજાયેલી શિબિરમાં મતદાર યાદીમાં નામ સમાવવા કે કમી કરવા સહિતના 3 લાખ 58 હજારથી વધુ પત્રક મળ્યાં.

5) રાજ્યના અનેક જિલ્લામાં ઠંડીનો પારો ગગડ્યો

6) કેન્દ્રશાસિત પ્રદેશ દીવમાં ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સનો આજથી રંગારંગ પ્રારંભ.

-----------------------------------

(સમાચારને અંતે)

(આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

# SANGHAVI ON PM VISIT

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું , પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આગામી 11 તારીખે રાજકોટમાં વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – VGRCનું ઉદ્ઘાટન કરશે. રાજકોટની કલેક્ટર કચેરી ખાતે પત્રકારોને સંબોધતા શ્રી સંઘવીએ VGRC બાદ સૌરાષ્ટ્ર અને કચ્છમાં મોટાપાયે રોકાણ આવશે તેવી આશા વ્યક્ત કરી.

(BYTE: HARSH SANGHAVI, DyCM)

આ પહેલા શ્રી સંઘવીએ રાજકોટમાં સૌરાષ્ટ્ર—કચ્છના ઉદ્યોગકારો સાથે સંવાદ કર્યો. તેમણે રાજ્ય સરકાર હંમેશા ઉદ્યોગોની સાથે હોવાની ખાતરી પણ આપી. આ પ્રસંગે શ્રી સંઘવીએ 10 હજાર 435 ઉદ્યોગ-સાહસિકને 965 કરોડ રૂપિયાથી વધુની પ્રોત્સાહક સહાય વિતરણ અને ઉદ્યોગ વિભાગની વિવિધ યોજના હેઠળ 137 ઉદ્યોગને અંદાજે 661 કરોડ રૂપિયાના મંજૂરીપત્રનું વિતરણ કર્યું.

. . . .

# TYPHOID CASE GANDHINAGAR

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ગાંધીનગરમાં ટાઈફોઈડના કેસ અંગે કહ્યું , આ માટેની તપાસ કરવા મહાનગરપાલિકાએ સંપૂર્ણ ટુકડી બનાવી છે. રાજકોટમાં પત્રકાર પરિષદને સંબોધતા શ્રી સંઘવીએ આ વાત કહી હતી.

દરમિયાન ગાંધીનગરની સિવિલ હૉસ્પિટલમાં દાખલ 108 જેટલા શંકાસ્પદ દર્દીનો ટાઈફોઈડ માટેનો રિપોર્ટ કરાતા 50 દર્દી
ટાઈફોઈડ-ગ્રસ્ત હોવાનું સિવિલ હૉસ્પિટલનાં તબીબી અધિક્ષક ડૉક્ટર મીતા પરીખે જણાવ્યું.

(BYTE: DR. MITA PARIKH, SUPERINTENDENT)

. . . . . .

# PM MODI SOMNATH

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિર પર વિદેશ આક્રાંતાઓ દ્વારા કરાયેલા હુમલાને આ વર્ષે એક હજાર વર્ષ પૂર્ણ થશે. પ્રધાનમંત્રી અને શ્રી સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ નરેન્દ્ર મોદીએ કહ્યું, છેલ્લી કેટલીક સદીઓમાં થયેલા હુમલાઓ બાદ પણ સોમનાથ મંદિર ભારતીય સભ્યતાની આત્માનું જીવંત ઉદાહરણ છે. તેમણે કહ્યું , સોમનાથ શબ્દ સાંભળતા જ દેશવાસીઓના મનમાં અપાર હિમ્મત અને ગર્વની અનુભૂતિ થાય છે. તેમણે સોમનાથ મંદિરને દેશની શાશ્વત પરંપરાનું પ્રતીક પણ ગણાવ્યું.

(BYTE: NARENDRA MODI, PM)

સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારમાં યોગદાન આપનારા લોકોના પ્રયાસની પ્રશંસા કરતા શ્રી મોદીએ કહ્યું , આ વર્ષે વધુ એક મહત્વની સિદ્ધિ એ પણ હશે કે , જ્યારે જીર્ણોદ્ધાર બાદ સોમનાથ મંદિર ભક્તો માટે ખૂલ્લું મુકાયું તેને 75 વર્ષ પૂર્ણ થશે. વર્ષ 1951માં તત્કાલિન રાષ્ટ્રપતિ ડૉક્ટર રાજેન્દ્ર પ્રસાદની ઉપસ્થિતિમાં મંદિરનો જીર્ણોદ્ધાર કરાયો અને મંદિરને ભક્તો માટે ફરી ખૂલ્લું મુકાયું હતું.

. . .

# ELECTION SPECIAL CAMP

રાજ્યભરમાં મતદારયાદીની વિશેષ સઘન સુધારણા – SIR ઝુંબેશ હેઠળ શનિ અને રવિવારે યોજાયેલી વિશેષ શિબિરમાં 8 લાખ અને 41 હજારથી વધુ મતદારોને માર્ગદર્શન અપાયું. તેમજ મતદારીયાદીમાં નામ સમાવવા અથવા કમી કરવા સહિતના 3 લાખ 58 હજારથી વધુ પત્રક ચૂંટણી કર્મચારીઓને મળ્યાં છે. તેમાથી દોઢ લાખથી વધુ પત્રક 3 જાન્યુઆરીએ અને 2 લાખથી વધુ પત્રક ચાર જાન્યુઆરીએ મળ્યા.

ચૂંટણી અધિકારીઓ અને મતદાર નોંધણી અધિકારીઓ દ્વારા આ પત્રકની ચકાસણી કરી આગળની પ્રક્રિયા હાથ ધરાશે. જે મતદારો મતદાર યાદીમાં પોતાના નામ સમાવવા અથવા બાકાત થવા સબંધિત વાંધા કે દાવા આગામી 18 જાન્યુઆરી સુધીમાં રજૂ કરી શકશે તેમ સત્તાવાર યાદીમાં જણાવાયું છે.

. . . . . . . . . . . . .

# REV KATHOD UTPADAN

રાજ્યમાં ગત છ વર્ષમાં કઠોળનું ઉત્પાદન બમણું થયું છે. સત્તાવાર યાદી મુજબ, સિંચાઈ માટે પૂરતું પાણી અને ઉપજના પોષણક્ષમ ભાવ મળતા રાજ્યના ખેડૂતો કઠોળની ખેતી તરફ વળ્યા છે. તેના કારણે હાલ વાર્ષિક 20 લાખ મેટ્રિક ટનથી વધુ કઠોળનું ઉત્પાદન થઈ રહ્યું છે. રાજ્યના કઠોળ ઉત્પાદનમાં 70 ટકાથી વધુનો હિસ્સો ચણાનો છે. જ્યારે તુવેરના ઉત્પાદનમાં પણ છેલ્લા કેટલાક વર્ષમાં 45 ટકાની વૃદ્ધિ નોંધાઈ છે.

## (VOICECAST: HEMANGINI SONARA)

*(......ચણા અને તુવેરના ઉત્પાદનમાં ગુજરાત રાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યું છે. તેવામાં છેલ્લા છ વર્ષમાં રાજ્યમાં કઠોળ પાકની ઉત્પાદકતામાં સવા ગણો , વાવેતર વિસ્તારમાં દોઢ ગણો અને ઉત્પાદનમાં બમણો વધારો નોંધાયો છે. વર્ષ 2019-20માં રાજ્યમાં કઠોળ પાકનો કુલ વાવેતર વિસ્તાર નવ લાખ હેક્ટર, ઉત્પાદન 10 લાખ 58 હજાર મેટ્રિક ટન અને ઉત્પાદકતા એક હજાર 173 કિલો પ્રતિ હેક્ટર હતી. જ્યારે વર્ષ 2024-25માં કઠોળ પાકનો કુલ વાવેતર વિસ્તાર 14 લાખ 39 હજાર હેક્ટર , ઉત્પાદન 21 લાખ 52 હજાર મેટ્રિક ટન અને ઉત્પાદકતા એક હજાર 495 કિલો પ્રતિ હેક્ટર નોંધાઈ હતી.*

(હેમાંગિની સોનારા, પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ.

--------

# WEATHER UPDATE STATE

રાજ્યમાં ઠંડીનું જોર વધ્યું છે. તેવામાં હવામાન વિભાગે આગામી પાંચ દિવસ લઘુત્તમ તાપમાનમાં ફેરફાર થવાની શક્યતા નહીંવત્ હોવાનું જણાવ્યું છે. જોકે, ત્યારબાદ ઠંડીમાં ઘટાડો થઈ શકે છે.

સત્તાવાર યાદી મુજબ, ગત 24 કલાકમાં અનેક જિલ્લાના તાપમાનમાં ઘટાડો નોંધાયો છે. સાત ડિગ્રી સેલ્સિયસ તાપમાન સાથે કચ્છનું નલિયા સૌથી ઠંડું શહેર રહ્યું છે. જ્યારે કંડલા વિમાનમથક પર નવ, કેશોદમાં 10, ભુજ, રાજકોટ, ડીસા અને ગાંધીનગરમાં 11-11 ડિગ્રી સૅલ્સિયસ તાપમાન નોંધાયું છે. આ સિવાયના જિલ્લા અને શહેરમાં લઘુત્તમ તાપમાન 11 ડિગ્રી સેલ્સિયસથી વધુનું રહ્યું છે.

. . . .

# GUJARAT UNI CONVOCATION

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે વિદ્યાર્થીઓને જીવનમાં સફળતા મેળવવા પરિશ્રમ એકમાત્ર માર્ગ હોવાની સલાહ આપી છે. અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીના 74-મા પદવીદાન સમારોહને સંબોધતા રાજ્યપાલ અને યુનિવર્સિટીના કુલાધિપતિ આચાર્ય દેવવ્રતે આ વાત કહી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત ભારતીય અવકાશ સંશોધન સંગઠન – ઇસરોના અધ્યક્ષ ડૉક્ટર વી. નારાયણને વિદ્યાર્થીઓને જીવનમાં સફળ થવા નૈતિક ચરિત્ર અને સખત મહેનતનો મંત્ર આપ્યો. તેમણે વર્ષ 2040 સુધીમાં ભારત અવકાશ વિજ્ઞાનના દરેક ક્ષેત્રમાં વિશ્વના વિકસિત દેશની હરોળમાં હશે અને વર્ષ 2047 સુધીમાં વિકસિત ભારતના નિર્માણમાં યુવા સ્નાતકો મહત્વની ભૂમિકા ભજવશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આ સમારોહમાં 40 હજાર 245 જેટલા વિદ્યાર્થીને પદવી , ડિપ્લોમા અને પ્રમાણપત્ર એનાયત કરાયા.

. . . .

# DIU FESTIVAL

કેન્દ્રશાસિત પ્રદેશ દિવના ઘોઘલા ખાતે આજથી ખેલો ઈન્ડિયા બીચ ગેમ્સનો પ્રારંભ થઈ રહ્યો છે. આગામી દસ તારીખ સુધી યોજાનારી આ સ્પર્ધામાં બીચ વોલીબોલ, બીચ સોકર, બીચ કબડ્ડી, અને મલ્લખમ સહિતની રમત રમાશે. પ્રથમ છ ચંદ્રક વિભાગ હશે, જેમાં કુલ 32 સુવર્ણ ચંદ્રક માટે સ્પર્ધા થશે.

રમતના પ્રારંભિક સમારોહમાં ગુજરાતી ગાયિકા ગીતાબેન રબારીએ વિવિધ ગીતની પ્રસ્તુતિ કરી લોકોનું મનોરંજન કર્યું હતું. આ પ્રસંગે મોટી સંખ્યામાં ખેલાડીઓ અને લોકો ઉપસ્થિત રહ્યાં છે. સંઘપ્રદેશ તંત્ર દ્વારા લોકો માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે.

. . . . .

# GAMBHIRA BRIDGE

વડોદરા અને આણંદને જોડતા મુજપુર – ગંભીરા બ્રિજ તૂટી પડવાની ઘટના બાદ મહી નદી પર ઉપરવાસમાં નવો બ્રિજ બની રહ્યો છે. તેનું 25 ટકા જેટલું કામ પૂર્ણ થયું છે. આંકલાવ તરફ પાંચ પિઅર બનાવવાની તૈયારી ચાલી રહી છે. નવા બ્રિજમાં કુલ 22 પિઅર બનશે. અંદાજે 180 કરોડ રૂપિયાના ખર્ચથી 965 મીટર લંબાઇ, 17 મીટરની ઉંચાઇ અને 37 મીટર પહોળાઇ ધરાવતો આ બ્રિજ તૈયાર કરાશે.

. . . . . . .

# BANASKANTHA G RAM G

દેશમાં વિકસિત ભારત  રોજગાર અને આજીવિકા મિશન ગ્રામીણ વિકસિત ભારત – જી રામ જી નવો કાયદો બન્યો છે. તેમાં દર નાણાકીય વર્ષમાં દરેક ગ્રામીણ પરિવારને 125 દિવસના વેતનની કાયદાકીય બાંહેધરી અપાઈ છે. તેનાથી છેવાડાના માનવી, નાના ખેડૂતો અને શ્રમિકોને મદદ મળશે. આ અંગે વાવ-થરાદ જિલ્લાનાં સામાજિક કાર્યકર્તા કલાવતિબેન રાઠોડે પ્રતિક્રિયા આપી.

(BYTE: KALAVATI RATHOD, SOCIAL WORKER)

. . . .